અપીલ અરજી નં.૩૧૬ તા.૫–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮
અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩–૧૨–૧૦ ની અરજીથી ચૌટા બજાર ખપાટીયા ચકલા ઈન્દ્રપથ માર્કેટ અને ખાદી ગ્રામ ઉદ્યોગની સામેની મિલ્કત ભવાની ચેમ્બર્સ ની આજુબાજુની ૫ ફુટ છોડીને જે ઓટલા ફુટપાથનો ભાગ વધારે બાંધેલ છે તે ભાગ એલાઈમેન્ટમાં આવતો હોવાથી દુર,ડીમોલીશન કરવા અંગેની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૫–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૬/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩–૧૨–૧૦ ની અરજીથી ચૌટા બજાર ખપાટીયા ચકલા ઈન્દ્રપથ માર્કેટ અને ખાદી ગ્રામ ઉદ્યોગની સામેની મિલ્કત ભવાની ચેમ્બર્સ ની આજુબાજુની ૫ ફુટ છોડીને જે ઓટલા ફુટપાથનો ભાગ વધારે બાંધેલ છે તે ભાગ એલાઈમેન્ટમાં આવતો હોવાથી દુર, ડીમોલીશન કરવા અંગેની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૬૪છ તા.૧–૧–૧૧ થી મળેલા પ્રતિભાવમાં જે માહિતી આપવામાં આવેલ છે તેનાથી અસંતુષ્ટ છે તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૫–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૮ તા.૧૫–૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અરજદારે મુદ્દા નં.૨ અંગે ટ્રાફીક વિભાગને અપીલ કરેલ છે કે કેમ? તબદીલ થયેલ અરજી અંગે આસી. પોલીસ કમિશ્નર સુરતના ટ્રાફીક વિભાગને અપીલ કરેલ છે કે કેમ તેમજ ટ્રાફીક વિભાગે ઈન્કાર કરેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૬૮ તા.૩–૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૬૧ તા.૩૧–૧૨–૧૦ થી આસી. પોલીસ કમિ.(ટ્રાફીક) નાનપુરાને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૬૪ તા.૧–૧–૧૧ ના પત્રની નકલ તથા મ. પોલીસ કમિ., કચેરી ટ્રાફીક સુરત શહેરના જાવક નં.૨૧૧/૧૧ તા.૨૯–૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પત્રની નકલ ઉપર તેમની તા.૨૧–૧–૧૧ થી અપીલની રજૂઆત કરતાં પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૩–૧૨–૧૦ ની અરજીથી ચૌટા બજાર ખપાટીયા ચકલા ઈન્દ્રપથ માર્કેટ અને ખાદી ગ્રામ ઉદ્યોગની સામેની મિલ્કત ભવાની ચેમ્બર્સ ની આજુબાજુની ૫ ફુટપાથ છોડીને જે ઓટલા ફુટપાથનો ભાગ વધારે બાંધેલ છે તે ભાગ એલાઈમેન્ટમાં આવતો હોવાથી દુર, ડીમોલીશન કરવા બાબતેની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૬૧ તા.૩૧–૧૨–૧૦ થી આસી. પોલીસ કમિ., (ટ્રાફીક) નાનપુરા સુરતને તબદીલ કરવામાં આવેલ. તથા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૬૪ તા.૧–૧–૧–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ભવાની ચેમ્બર્સની આજુ બાજુ તથાપ ફુટ ભાગ છોડીને જે ઓટલા ફુટપાથનો ભાગ વધારે બાંધેલ છે તે ભાગ એલાઈમેન્ટમાં આવતો હોવાથી દુર ડીમોલીશન કરવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ભવાની ચેમ્બર્સની આજુ બાજુની મિલકતો જુની છે તથા ૫ ફુટ છોડીને ઓટલા/ફુટપાથનો ભાગ વધારે બાંધેલ હોવાથી માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં મળી આવેલ નથી મુદ્દા નં.(૨) જેના લીધે જનરલ હોસ્પિટલની એમ્બ્યુલન્સને ઈમરજન્સીમાં જવા આવવામાં તકલીફ પડતી હોય અને ગંભીર ઈમરજન્સી દર્દીના જાનનું જોખમ કાયમ રહે છે જેની જવાબદારી સુરત મહાનગરપાલિકા કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનની રહેવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૩૬૧ તા.૩૧–૧૨–૧૦ થી તેમની અરજી અંશતઃ આસી. પોલીસ કમિ ટ્રાફીકને મુદ્દા નં.૨ અંગે તબદીલ કરવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ અને અસંતુષ્ટ થઈ તા.૫–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ માં રેકર્ડ આધારીત માહિતી આપેલ છે પણ રૂબરૂમાં સ્થળ નિરીક્ષણ કરેલ નથી તેવી રજૂઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની

ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે. વિવાદ હેઠળની બાબતે જાહેર માહિતી અધિકારીએ દફતરી હકીકત જણાવેલ છે. અરજદારની સ્થળ નિરીક્ષણ કરીને માહિતી આપવાનો આગ્રહ આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. મુદ્દા નં.ર માં જવાબદારીની છટકબારીકરવાની વૃતિ ધરાવે છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને સેન્ટ્રલઝોન તરફથી ટ્રાફીક પોલીસને મુદ્દા નં.ર અંગે તબદીલ કરેલ અરજીના પ્રત્યુત્તર બાબતે અપીલ તબકકે વિગત માંગતા અરજદારે ટ્રાફીક પોલીસને લગતી નથી પરંતુ શહેર વિકાસ વિભાગને ડીમોલીશન વિભાગને લગતી હોઈ ભવાની ચેમ્બર્સ ખપાટીયા ચકલા ઈન્દ્રપથ માર્કેટ અને ખાદી ગ્રામ ઉદ્યોગની મિલ્કત ભવાની ચેમ્બર્સના ઓટલાનો ભાગ વધારે બાંધેલ છે તે ભાગે એલાઈમેન્ટમાં આવતો હોવાથી તેને ડીમોલીશન કરવાની ફરજ આપની કચેરીની હોવાથી જેમાં ટ્રાફીસ પોલીસ કમિ. સુરતને અપીલ કરવાની રહેતી નથી અને અરજદારે અપીલ પણ કરેલ છે. જયારે જવાબદારી શહેર વિકાસ વિભાગની હોય તો પોલીસ કમિ.શ્રીને અપીલ કરવાનો સવાલ ઉપસ્થિત થતો નથી તેવું જણાવેલ છે. જે બાબતે ટ્રાફીક પોલીસને તબદીલ થયેલ અરજીના મુદ્દા અંગે મ. પોલીસ કમિશ્નરની કચેરી, ટ્રાફીક સુરત શહેર જાવક/૨૧૧/૧૧ તા.૨૯–૧–૧૧ થી અરજદારને અરજીમાં જણાવવામાં આવેલ મુદ્દા નં.ર મુજબની માહિતી આપવા જણાવવામાં આવેલ. તે મુજબ ટ્રાફીક પોલીસ કચેરીએ માહિતી તૈયાર કરી તા.૨૮–૧–૧૧ ના રોજ ફોન ધ્વારા સંપર્ક કરી માહિતી મેળવી લેવા જણાવતા તેઓએ કચેરીએ આવતાં રૂબરૂમાં જણાવેલ છે કે તેઓએ કરેલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.ર ની માહિતી સુરત મહાનગરપાલિકાની રહે છે અને ટ્રાફીક પોલીસ બાબતે માહિતીની જરૂરીયાત જણાતી નથી તેમ જણાવી નિવેદન લેવામાં આવેલ છે. આમ અરજદારનો મુળ પ્રશ્ન ભવાની ચેમ્બર્સની આજુબાજુની તથા ૫ ફુટ છોડીને ફુટપાથના ભાગ બાંધેલા તે ભાગના એલાઈમેન્ટને લગતો છે જેના બાબતે ટ્રાફીકની રજૂઆત કરેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૫ ફુટ છોડીને ઓટલા/ફુટપાથનો ભાગ વધારે બાંધેલ હોવાની માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં મળી આવેલ નથી જે બાબતે અરજદારને હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદાર માહિતી માંગણી અંગે સ્પષ્ટ જણાતા નથી. મુદ્દા નં.૧ માં ડીમોલીશન કરવા અંગેની માહિતી તથા મુદ્દા નં.ર માં કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનની જવાબદારી હોવાની માહિતી તેવું અરજદારે અરજીમાં જણાવેલ છે. જે તકરાર નિવારણને સ્પર્શતી પણ જણાય છે. અરજદારના પૂર્વાપર અનુસંધાનની અનુપસ્થિતિમાં માંગેલ માહિતી સંદિગ્ધ પણ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,